
# 5. ચાલ, ફરીએ



**નિરંજન ભગત**
**જન્મ : ઈ.સ. ૧૯૨૬**

નિરંજન નરહરિ ભગતનો જન્મ ઈ.સ. ૧૯૨૬માં અમદાવાદ માં થયો હતો. તેઓ અંગ્રેજી વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક છે. "હું નગરનું સંતાન છું એટલું જ નહિ, હું એક ઔદ્યોગિક નગરનું સંતાન છું." એમ પોતાની ઓળખ આપે છે. પછીની ગુજરાતી કવિતામાં દેખાતી આધુનિકતાનાં ઘણાંબધાં લક્ષણો એમની કવિતામાં પ્રથમવાર સ્ફુટ થતાં દેખાય છે. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. છંદોલય બૃહતમાં તેમના બધાં કાવ્યો એકસાથે પ્રકાશિત થયાં છે. તેમણે મુંબઈ શહેર નિમિત્તે આધુનિક નગરસભ્યતાનું પ્રવાલદ્વીપ શીર્ષક હેઠળનાં નગરકાવ્યોમાં નિરૂપણ કર્યું છે. તેમની કવિતામાં પ્રયોગશીલતા અને પ્રશિષ્ટતાનો વિરલ સમન્વય જોવા મળે છે. સુઘડ સુગ્રથિત બાની, છંદ-લય અને પ્રાસનું ઉચિત સંમેલન, કવિકર્મની સભાનતા, શબ્દપસંદગી અને શબ્દવિન્યાસ, કલ્પનો અને પ્રતિકોનો સૂઝપૂર્વકનો ઉપયોગ તેમના એકમાત્ર કાવ્યસંગ્રહને ગુજરાતી કવિતાનો મહત્ત્વનો સંગ્રહ ગણવા પ્રેરે છે. વિવેચન, સંપાદન, અનુવાદક્ષેત્રે તેમણે નોંધપાત્ર કામ કર્યું છે.

તેમને ૧૯૪૯માં કુમારચંદ્રક, ૧૯૫૭માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૬૯માં રણજીતરામ સુવર્ણચંદ્રક, ૧૯૯૮માં પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, ૧૯૯૯માં સાહિત્ય અકાદમી ઍવોર્ડ, ૨૦૦૦માં સચ્ચિદાનંદ અને ૨૦૦૧માં નરસિંહ મહેતા ઍવોર્ડ મળ્યા હતા.

નિરંજન ભગતના આ કાવ્યના સાહિત્ય સ્વરૂપની વાત કરીએ તો આ એક ગીતકાવ્ય છે, ગુજરાતી સાહિત્યમાં આવાં ગીતકાવ્યો સારા એવા પ્રમાણમાં સર્જાયેલાં જોવા મળે છે. સામાન્ય રીતે જે ગવાય તે ગીત. ગીત ઉપરથી જ 'ગીતા' શબ્દ બન્યો છે. ગુજરાતીમાં લોકગીત, પ્રભાતિયાં, ભજનો, વગેરે પણ ગીત-કાવ્ય જ ગણાય. ઊર્મિગીત એ થોડે અંશે ગીત કાવ્યનો જ પ્રકાર ગણી શકાય.

કવિ નર્મદ પછી ઘણા બધા કવિઓએ ગીત અને ઊર્મિગીતો લખ્યાં છે. એમાં ભક્તિ ઉપરાંત, પ્રકૃતિ અને માનવ પ્રેમની ઊર્મિઓ રજૂ થઈ. ક્યારેક પોતાનો વિષાદ અને વ્યથા પણ રજૂ થયાં.

સુગમસંગીત ગાનારા કલાકારોએ ગુજરાતમાં આવાં ગીતોને ઘેર ઘેર જાણીતાં બનાવ્યાં. નર્મદ પછી નરસિંહરાવ, નાનાલાલ, સુંદરમ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, અવિનાશ વ્યાસ જેવાએ ઘણાં ગીતો લખ્યાં છે.

'ચાલ ફરીએ' ગીતકાવ્યમાં કવિ નિરંજન ભગતે હૃદયના વિસ્તાર દ્વારા આ સકલ સૃષ્ટિને ચાહવાની મનીષા પ્રગટ કરી છે. આપણી આસપાસની સૃષ્ટિને કોઈ સીમા નથી. હવાની લહર આપણને ઘરની સાંકડી દીવાલોમાંથી ઊંચકીને વિશાળ જગતમાં લઈ જવાનો સંદેશ આપે છે એકલ પેટા થઈને ઘરના ખૂણામાં પડ્યા રહેવા કરતાં આ સૃષ્ટિમાં હરતા-ફરતા થઈને સૌને હૃદયના સ્નેહની લહાણી કરવાથી નિત્યનૂતન આનંદનો અનુભવ થાય છે. આથી કવિ આ હરિગીતના લયયુક્ત ગીતકાવ્યમાં સૂચવે છે કે આજકાલની દ્વિધામાં પડ્યા સિવાય જિંદગીની જે બેચાર ક્ષણો મળી છે એને આનંદથી માણી લેવી જોઈએ.

---

ચાલ ફરીએ !
માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વહાલ ધરીએ !
બહારની ખુલ્લી હવા
આવે અહીં, ક્યાં લૈ જવા ?
જ્યાં પથ નવા, પંથી નવા;
એ સર્વનો સંગાથ છે તો નિત નવા કૈં તાલ કરીએ !
એકલા રહેવું પડી ?
આ સૃષ્ટિ છે ના સાંકડી !
એમાં મળી જો બે ઘડી
ગાવા વિષે, ન્હાવા વિષે; તો આજની ના કાલ કરીએ !
ચાલ ફરીએ !

## ટિપ્પણ

**વહાલ** - લાડપ્રેમ **લૈ** - લઈ જવા **પથ** - માર્ગ, રસ્તો **પંથી** - પંથ પર જનાર પ્રવાસી **સંગાથ** - સાથ **નિત** - દરરોજ **તાલ** - ખેલ, યુક્તિ **સાંકડી** - પહોળાઈમાં ઓછું, છૂટ વગરનું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ જીવન જીવવાની કઈ કળા અપનાવવાની વાત કરે છે ?
2. કવિ રસ્તે મળતી વ્યક્તિને શું શું આપવા ઈચ્છે છે ?
3. હવાની લહર આપણને કયો સંદેશ આપે છે ?
4. કવિ જિંદગીને કેવી રીતે માણી લેવાની વાત કરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. આ કાવ્યમાં કવિ નિરંજન ભગત હૃદયના વિસ્તાર દ્વારા શું અપનાવવા માગે છે ? શા માટે ?
2. કવિ આ સકલ સૃષ્ટિને ચાહવાની મનીષા શા માટે પ્રગટ કરે છે ? આ સૃષ્ટિ કેવી છે ?
3. માણસે વિશાળ હૃદયના બનીને શું પ્રાપ્ત કરવું છે ?
4. કવિ આ કાવ્ય દ્વારા આ જગતમાં કેવી રીતે રહેવાની શિખામણ આપે છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

જ્યાં પથ નવા, પંથી નવા, એ સર્વનો સંગાથ છે તો નિત નવા કૈં તાલ કરીએ !

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

બહારની, ખુલ્લું, સાંકડું, સ્નેહ

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

સ્વચ્છ, સાંકડો, વિશાળ એ વિશેષણો આકાશ, માર્ગ અને હૃદય એ શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

**આટલું કરો**

1. નિરંજન ભગતનો 'છંદોલય' કાવ્યસંગ્રહ મેળવીને 'પારેવાં' કવિતા વાંચો.

●